# વડોદરા ગામ પાસે ટ્રિપલ અકસ્માતમાં ત્રણનાં કરૂણ મોત

## અકસ્માતમાં છ મુસાફરોને ઈજાઓ થતા ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા

ગાંધીનગર, તા. ૧૬

નરોડા દહેગામ માર્ગ પર વડોદરા ગામના પાટીયા પાસે સમી સાંજે રીક્ષા, સ્કોર્પીયો અને ઈકો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં ત્રણ મુસાફરોના ઘટનાસ્થળે જ



**નરોડા-દહેગામ માર્ગ પર સર્જાયેલ ટ્રિપલ અકસ્માતને પગલે ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. જેને લીધે માર્ગો પર વાહનોની લાંબી લાંબી કતાર જોવા મળી હતી અને ટ્રાફિક પોલીસે ભારે જહેમત ઉઠાવી કલાકો પછી ટ્રાફિક હળવો કરાવ્યો હતો**

લોહીલુહાણ હાલતમાં કરૂણ મોત નિપજયા હતા. આ ટ્રિપલ અકસ્માતમાં અન્ય છ જેટલા મુસાફરોને ગંભીર ઈજા થતા તુરંત તમામને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ગમખ્વાર અકસ્માત મામલે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સતત ભારે વાહનોની અવરજવર ધરાવતા નરોડા-દહેગામ માર્ગ પર સમી સાંજે સ્કોર્પીયો જીપ અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો અને બાદમાં સામેથી આવતી ઈકો ગાડીને પણ સ્કોર્પીયોના ચાલકે અડફેટે લેતા ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં રીક્ષા સવાર બે મહિલા અને એક પુરૂષનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જેમાં બાલુબેન પુનાજી ઠાકોર (ઉં.વ.૪૨, રહે. દસકોઈ) અને પ્રતાપજી ગુગાજી ઠાકોર (ઉં.વ. ૫૦, રહે. મોટા ઝલુદ્રા)ની ઓળખ થઈ જવા પામી છે. જ્યાં અન્ય એક મહિલાની ઓળખ થઈ નથી. આ ભયંકર ટ્રિપલ અકસ્માતમાં અન્ય છ જેટલા મુસાફરોને લોહીયાણ ઈજાઓ થતા તુરંત તમામને ગાંધીનગર સિવિલમાં લાવવામાં આવ્યા હતા. આ ઈજાગ્રસ્તો પૈકી બે ઈજાગ્રસ્તો પ્રવિણ મારવાડી અને કલ્પેશ ચૌહાણને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



## ખૂણે ખાંચરેથી...

● સે. ૨૨ના શોપીંગમાં વેપારી મંડળ દ્વારા છાશ વિતરણ કેન્દ્રનો પ્રારંભ કરાયો છે.

● ગાંધીનગર કલેક્ટર તરીકે શ્રી સતીસ પટેલે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના કુલરો બંધ થઈ જતાં મુલાકાતીઓ અને કર્મચારીઓને ગરમ પાણી પીવુ પડે છે.

● આજે ભારત સરકારના આરોગ્ય વિભાગની સૂચનાને પગલે જિલ્લામાં રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરાઈ છે.

● જિલ્લા પંચાયતનું આરોગ્ય તંત્ર હાલ ઈન્ચાર્જથી ચાલે છે. જિલ્લા આરોગ્ય અધિકારી, રોગચાળા નિયંત્રણ અધિકારી, જિલ્લા મેલેરિયા અધિકારી રજા પર ગયા છે.

● મહાનગરપાલિકામાં જનસેવા કેન્દ્રના સમયમાં ફેરફાર કરી હવે સવારે ૯.૩૦ વાગે આ કેન્દ્ર શરૂ થશે જેથી વેરા ભરવામાં નગરજનોને કોઈ તકલીફ નહિ પડે.

● આજે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થવાનુ હોવાથી વાલીઓમાં ભારે ઉત્સુકતા અને ઈંતેજારી જોવા મળતી હતી.

● સચિવાલયની પાછળ આવેલા રસ્તા પર પોલીસભવન આસપાસ ખરી પડેલા અઢળક પાંદડાઓની સફાઈ પોલીસ કર્મચારીઓએ જાતે કરીને, ગાડીમાં કચરો ભરીને એકદમ ચોખ્ખુ ચણાક કરી દીધુ છે, સુરક્ષાકર્મી સ્વચ્છતા જાતે કરીને સમાજમાં સલામીને પાત્ર ઠરે છે.

## શહેરના ટાટા ચોકડી પાસે ટ્રેલરમાં કાર ઘુસી જતા ચાલકનું મોત

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ વિરેન્દ્રસિંહ વાઘેલા (અજીતસિંહ)ના ભત્રીજા રાજદીપસિંહ વાઘેલા મધુર ડેરી ખાતે પોતાની ફરજ બજાવીને સાંજના સુમારે સ્વીફ્ટ કાર લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન ટાટા ચોકડી પાસે કલ્પતરુ પાવર સ્ટેશનના ગેટથી નીકળેલી ટ્રેલરમાં અચાનક કાર ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો જેમાં કાર ચાલક આશાસ્પદ યુવાનનું ઘટના સ્થળે કરુણ મોત નિપજયું હતું. આ સમાચાર વાયુવેગે વાસણ ગામ તેમજ શહેરમાં પ્રસરતા કોંગી આગેવાનો અને પરિવારના સભ્યો ગાંધીનગર દોડી આવ્યા હતા. પરિવારજનોના આક્રંદથી વાતાવરણમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

પ્રાપ્ત વિગત મુજબ આજે ગાંધીનગર જિલ્લાના માર્ગો રકતરંજીત બન્યા છે જિલ્લાના જુદાજુદા ત્રણ સ્થળોએ ગમખ્વાર અકસ્માત સર્જાયા હતા. જેમાં ચાર લોકો મોતને ભેટયા છે. જયારે આઠથી વધુ લોકો આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત બન્યા છે. ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામના પાટીયા પાસે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં ૩ મોત થવા પામ્યા છે. જયારે ટાટા ચોકડી પાસે થયેલા કાર અને ટ્રેલર વચ્ચેના અકસ્માતમાં ગાંધીનગર નજીક વાસણ ગામના વતની રાજદીપસિંહ વાઘેલાનું પણ કરુણ મોત નિપજયું હતું. કોંગ્રેસના આગેવાન વિરેન્દ્રસિંહ વાઘેલાના

● અનુસંધાન પાના - ૭ પર



## ગાંધીનગરની કથકલી ડૉલ્સ કેનેડા જશે

કથકલી એ નામ કોઈએ ન સાંભળ્યુ હોય તેવુ નહી બને. ભારતની પ્રાચિન શાસ્ત્રિય ડાન્સ પદ્ધતિ છે જે ફક્ત નૃત્ય કે નૃત્ય નાટીકા નથી પરંતુ એક કોસ્મીક આધ્યાત્મિકતાનું ભૌતિક નીરૂપણ છે. જેમાં શુભ અને અશુભની નીરંતર ચાલતી લડાઈનું નિદર્શન છે. જેમાં ભારતીની ઉચ્ચત્તમ નૃત્યશૈલી જેમાં મેકઅપ તથા અદ્ભૂત પહેરવેશ અને વિશિષ્ઠ સંગીતનો સમન્વય છે. વળી, જે સંપુર્ણ હિન્દુત્વના સિદ્ધાંત પર આધારિત શૈલી છે. આવી અદ્ભૂત નૃત્યુ શૈલી કોઈ પણ સર્જનાત્મક કાર્ય કરવાવાળાને ન આકર્ષે તેવું ન બને, ગાંધીનગરના ડોલ-મેકર અને ફેબ્રીક-સ્કલ્ચર આર્ટીસ્ટ હરિન ભટ્ટે તેમના દક્ષીણ-ભારતીય ડોલ -કલેક્ટ માટે તેમના ફેબ્રીક-સ્કલ્ચર માધ્યમમાં ફક્ત કાપડ-રૂ અને એપોક્સી-મિડીયમની મદદથી કથકલી-નૃત્યુના પુરૂષ પાત્રોને તે નૃત્યની ભાવભંગીમાં, મેકઅપ તથા કલરફુલ પહેરવેશ સાથે તૈયાર કર્યા છે. આ તમામ ડૉલ્સ ચેન્નાઈ થઈ કેનેડા સુધી જશે જે આપણા શહેર માટે ગૌરવપ્રદ બાબત બની રહેશે.

## ગરમીમાં સહેજ રાહત મહત્તમ તાપમાનમાં એક ડિગ્રીનો ઘટાડો

ગાંધીનગર, તા. ૧૬

છેલ્લા ત્રણ દિવસથી હીટવેટનો સામનો કરી રહેલા વસાહતીઓને આજે થોડીક રાહત મળી છે. મહત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો છે.

ગયા અઠવાડિયે શરૂ થયેલી હીટવેવના કારણે દિન પ્રતિદિન તાપમાન વધતુ જ જતુ હતુ. એવું લાગતુ હતુ કે શહેરનું તાપમાન ૪૫ ડિગ્રી સુધી તો પહોંચી જ જશે. ગઈકાલે ૪૪.૫ ડિ.સે. તાપમાન સાથે મૌસમની સૌથી હાઈએસ્ટ ગરમી નોંધાઈ હતી. હીટવેવના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ હતુ. વસાહતીઓએ હેરાન પરેશાન થઈ ગયા હતા. જો કે આજે મહત્તમ તાપમાનમાં એકાદ ડિગ્રી જેટલો ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. નોંધાયું હતું. જો કે બફારો ખુબ લાગતો હતો. વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા હતા. લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. જેટલુ નોંધાતા રાત્રે ગરમીથી સૌ કોઈ ત્રસ્ત બન્યા હતા.

# ચંદ્રાલા પાસે ટ્રકમાંથી ૮.૪૫ લાખના કાપડના જથ્થાની ચોરી

ગાંધીનગર, તા. ૧૬

ચિલોડા-હિંમતનગર માર્ગ પર ચંદ્રાલા પાસે કાપડ ભરેલી ટ્રકમાંથી કોઈ ચોર ઈસમો અંધારાનો લાભ લઈ ટ્રકની તાડપતરી ફાડીને ૮.૪૫ લાખની કિંમતનો કાપડનો મુદ્દામાલ ચોરી પલાયન થઈ ગયા હતા. જે મામલે ચિલોડા પોલીસે ગુનો નોંધી કાપડ ચોર ઈસમોની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચિલોડા-હિંમતનગર માર્ગ પર ચંદ્રાલા ગામ નજીક આવેલી મહારાજા હોટલ પાસે ગત રોજ મોડી રાત્રે ટ્રક નં. જીજે.૧.ડીયુ.-૦૦૮૧નો ચાલક ટ્રક લઈ આવ્યો હતો અને ટ્રકને હોટલ પાસે પાર્ક કરી હતી. જેમાં લાખોની કિંમતના કાપડાના તાંકા અને રોલ પડેલા હતા અને ટ્રક ઉપર તાડપતરી ઢાંકી તેને મજબુત રસ્સા વડે બાંધી રાખવામાં આવ્યું હતું.

ટ્રકચાલક ટ્રક પાર્ક કરી પોતાના કામ અર્થે ગયો હતો ત્યારે મોડી રાત્રે અંધારાનો લાભ લઈ કોઈ ચોર ઈસમોએ ટ્રકની ઉપરની તાડપતરી ફાડી તેમાંથી જુદી જુદી કંપનીના રૂ. ૮.૪૫ લાખના કાપડના તાકા સહિત રોલના મુદ્દામાલની ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા. આ ચોરી અંગે ટ્રકચાલકને જાણ થતા તેને પોલીસને જાણ કરી હતી. આથી ચિલોડા પોલીસે ચોરીના સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. આ બનાવ અંગે અશોક સંતોકભાઈ મિશ્રાની ફરિયાદના આધારે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**કહ્યું હતુ, કે આ પ્રતાપી પુરુષની પાસે ડીગ્રી માંગીને છેડશો નહીં, જોયુંને સાક્ષાત સૂર્ય દેવતા આવીને ડીગ્રી બતાવે છે ને....!!**

## ચિલોડામાં એક માત્ર સાર્વજનિક વૉટરકુલર મુસાફરોની તરસ છીપાવે છે

### જુના પોલીસ સ્ટેશનની હદમાં દાતા દ્વારા મુકાયેલ વોટરકુલરમાં ૨૪ કલાક ઠંડુ પાણી

ગાંધીનગર, તા.૧૬

અગનગોળા વરસાવતી ગરમીમાં સૌથી વધુ જરૂરિયાત પાણીની રહે છે. જેમાં ગાંધીનગર નજીકના ચિલોડામાં દૈનિક હજારો મુસાફરોની અવરજવર રહે છે ત્યાં એક માત્ર પીવાના પાણીની વ્યવસ્તા દાતા નીચે એક દાતાએ ૨૪ કલાક ઠંડુ પાણી ઉપલબ્ધ બની રહે તે રીતનું વૉટરકુલર મુકીને તરસ્યાઓના આશીર્વાદ મેળવ્યા છે.

ચોતરફથી આવતા મુસાફરો પાણી પાણીના પોકાર કરી મુકે છે ત્યારે આ વિસ્તારનું એક માત્ર



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

દ્વારા કરવામાં આવી છે જેને મુસાફરો દ્વારા જબરદસ્ત આવકાર મળ્યો છે અને ચોવીસ કલાક ઠંડુ પાણી પુરું પાડી તરસ્યાની તરસ છીપાવી આ દાતાએ પુણ્યનું ભાથુ ભેગુ કરી લીધું છે તેવું મુસાફરો કહી રહ્યા છે.

કાળઝાળ ગરમીમાં અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળવું પડે તે મજબૂરી બની છે અને તેમાં વળી પીવાના પાણીની ભારે સમસ્યા રહેતી હોય છે ગાંધીનગરની નજીક આવેલો ચિલોડા વિસ્તાર મુસાફરોની આવનજાવનથી ભરચક રહે છે પરંતુ પ્રાથમિક સુવિધાઓ સરકાર દ્વારા પુરી પડાઈ નથી ત્યારે હાલ ચિલોડાના જુના પોલીસ સ્ટેશનમાં ઝાડ સાર્વજનિક વૉટર કુલર પર પ્રાંતિય મુસાફરો, નોકરીયાતો, વાહનચાલકો તેમજ સ્થાનિક રોજગાર ધંધાવાળાઓને ઠંડુ પાણી પુરું પાડી રહ્યું છે. દાતાએ આ વોટરકુલર માટે લાંબી પાઈપલાઈન બીછાવીને પાણીની તુટ ન પડે અને સતત પોતાની દેખરેખ રહે તેવું સુચારૂ આયોજન કર્યું છે. દૈનિક હજારોની સંખ્યામાં લોકો અહીં ઠંડુ પાણી પી ને તૃપ્ત થઈ રહ્યા છે વધુમાં વૃધ્ધો, બાળકો અને મહિલાઓ માટે સાક્ષાત વરૂણદેવ પધાર્યા હોય તેવી સ્થિતિનું નિર્માણ થયુ છે. દાતાએ કરેલી આ દાનની સરવાણી એ અનેક લોકોના હૈયા ઠારતા પૂણ્યનો જમાવડો કરી લીધો છે.

## વેકેશનનો ઉપયોગ બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ બેકીંગ સેવાઓ શીખવામાં કરશે

ગાંધીનગર, તા.૧૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશનમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જયારે તેઓ



બીબીએનો અભ્યાસ પૂર્ણ કરે છે કે તરત જ બેંક, કોર્પોરેટ ક્ષેત્ર, ઔદ્યોગિક એકમ વગેરે જગ્યાએ આસીસ્ટન્ટ-મેનેજર, માર્કેટીંગ મેનેજર ફાઈનાન્સ મેનેજર તેમજ એચ.આર.મેનેજર જેવા સ્થાન પર વિદ્યાર્થીઓ કારકિર્દીની શરૂઆત કરવા માટે તક પ્રાપ્ત કરે છે. જેમાં વિદ્યાર્થીઓ ઉચ્ચ પગાર ધોરણ સાથે પસંદગી પામે છે. આમ વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવા માટે કોલેજ શરૂઆતથી જ વિદ્યાર્થીઓને 'કરિયલ ગોલ' નક્કી કરાવી તે વિદ્યાર્થીનો સંપૂર્ણ વિકાસ તે ક્ષેત્રમાં થાય તે હેતુથી અભ્યાસની સાથે સાથે સતત અને સઘન ઔદ્યોગિક તાલીમ, ઔદ્યોગિક મુલાકાત ધંધાકીય એકમની સ્થાપના કેવી રીતે કરવી વગેરે બાબતોમાં વિદ્યાર્થીઓ પ્રાયોગિક જ્ઞાન બહોળું બનાવી સુસજ્જતા કેળવે છે. તાજેતરમાં ફાઈનલ યરમાં પ્રવેશ મેળવેલ બીબીએના વિદ્યાર્થીઓ માટે વેકેશન દરમિયાન સમર ઈન્ટેન્શીપ ગોઠવવામાં આવી જેમાં યુનિયન બેંક (મોડાસા) તેમજ એડીસી બેંક ગાંધીનગર અને ગાંધીનગર નાગરિક કો.ઓ બેંકમાં વિદ્યાર્થીઓનું 'સમર ઈન્ટેન્શીપ પ્લેસમેન્ટ' થયું હતું.

આ તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓ બેંકની રીટેલ તેમજ કોમર્શિયલ સેવાઓ બાબતે વાકેફ બનશે તદુપરાંત તેઓને માર્કેટ રીસર્ચ, પ્રોડકટ તેમજ સર્વિસ પોર્ટફોલિયો જેવા કાર્યો, સેલ્સ પ્રિ-ટ્રેડ પ્રોસિજર, ટ્રેડ સર્વિસ, ટ્રેડ પ્રોસેસ, ડેટા મેનેજમેન્ટ, કિલયરિંગ તેમજ સેટલમેંટ પ્રોસિજર અને પોસ્ટ ઈશ્યૂ, ફરિયાદ નિવારણ, વેબ બેકિંગ, નેટ બેકિંગ, ઈ-બેકિંગ, મોબાઈલ બેકિંગ જેવા અનેક પાસાઓ આવરી લઈ વિદ્યાર્થીઓ ૩૦ દિવસ સુધી તાલીમ લેશે. સાંપ્રત સમયમાં ઉદ્યોગકારોની સાથે બેંક કઈ રીતે ડીલ કરે છે તેમજ કયા પ્રકારની સેવાઓ ઉપલબ્ધ કરાવે છે તેવી તમામ બાબતોનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરાવવામાં આવશે કોલેજ તરફથી આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, ટ્રેનિંગ અને પ્લેસમેન્ટના હેડ ડૉ. જયેશ તન્ના, ધર્મેન્દ્રસિંહ રાઠોડ તેમજ સમગ્ર ટીમ દ્વારા ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ ડ્રાઈવને સફળ બનાવવા ખૂબ જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગર સહાયક વાણિજ્યક વેરા કમિશનર કચેરી આસીસ્ટન્ટ કમિશનર અને રોજમદાર ૧૦૦૦ની લાંચ લેતા ઝડપાયા

ગાંધીનગર, તા. ૧૬

વેટ નંબર મેળવનાર અરજદાર પાસે રૂ. ૧૦૦૦ની લાંચની માંગ કરી ગાંધીનગર સહાયક વાણિજ્ય વેરા કમિશનર કચેરીના આસીસ્ટન્ટ કમિશનર અને રોજમદાર રૂ. ૧૦૦૦ની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા હતા. એસીબીની ટીમે બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગરના જુના સચિવાલય જીવરાજ મહેતા ભવન બ્લોક નં. ૨૦માં સહાયક વાણિજ્યક વેરા કમિશનર કચેરી ઘટક-૨૪ આવેલી છે. જ્યાં થોડા સમય અગાઉ શહેરના એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટએ વેટ નંબર મેળવવા આ કચેરીમાં અરજી કરી હતી અને અરજીનો જલદી નિકાલ કરી વેટ નંબર ઈસ્યુ કરી આપવા આજ કચેરીના રોજમદાર બાબુબાઈ પરમારે અરજદાર પાસે રૂ. ૧૮૦૦ની લાંચની માંગ કરી હતી. જેમાં આસીસ્ટન્ટ કમિશનર રાજેન્દ્રભાઈ તોયાભાઈ વાઘેલાને રૂ. ૧૦૦૦, ભૂમીબેનને રૂ. ૫૦૦ અને બાબુ પરમારને રૂ. ૩૦૦ લેવાના હતા તેમ જણાવ્યું હતું. આથી અરજદારે અગાઉ રૂ. ૮૦૦ રોજમદારને આપી દિધા હતા અને બાકીના ૧૦૦૦ રૂ. આપવાના બાકી હતા. ત્યારે અરજદારે આ મામલે ગાંધીનગર એસીબીનો સંપર્ક કરતા પી.આઈ. એમ.જે. ક્રિશ્ચિયને છટકુ ગોઠવ્યુ હતુ. અને અરજદારને લાંચની રકમ સાથે કચેરીમાં મોકલ્યા હતા જ્યાં અરજદારે રોજમદારને રૂ. ૧૦૦૦ આપતા એસીબીની ટીમે રંગેહાથ લાંચ લેતા રોજમદારને ઝડપી પાડ્યો હતો. રોજમદાર આ કાર્યવાહીથી ગભરાઈ જતા આ રૂ. ૧૦૦૦ આસીસ્ટન્ટ કમિશનર સાહેબના છે. મારે તેમને આપવાના છે તેમ જણાવ્યું હતું. આથી એસીબીની ટીમે લાંચની રકમ આપવા રોજમદારને મોકલ્યો હતો જ્યાં લાંચ લેતા આસીસ્ટન્ટ અને રોજમદારને બન્નેને લાંચ લેતા ઝડપી પાડ્યા હતા અને બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## ભારતના પૂર્વ ટેસ્ટ ક્રિકેટર દિપક શોધનના નિધન પર નરહરિ અમીને શ્રદ્ધાંજલિ આપી

ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર, ગુજરાતના પનોતા પુત્ર અને ગુજરાતને ક્રિકેટ ક્ષેત્રે જેને યશ, કિર્તી અપાવી છે તેવા ભારતીય ટીમના પૂર્વ ટેસ્ટ ક્રિકેટર ડાબોડી બેટ્સમેન દિપક શોધનનું દુઃખદ અવસાન થવા પામ્યું છે. તેઓનું ૮૭ વર્ષની વયે અવસાન થવાથી તેમના પરિવારજનો પર આવી પડેલ દુઃખને પ્રભુ સહન શક્તિ આપે તેવી પ્રાર્થના રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષે કરી છે. ગુજરાતના ક્રિકેટને ખુબ જ મોટી ખોટ પડી છે. તેઓએ તેમની કારકિર્દીમાં પ્રથમ ટેસ્ટ મેચમાં જ પાકિસ્તાન સામે વર્ષ ૧૯૫૨માં ઈડન ગાર્ડન ખાતે સદી ફટકારી હતી. આ યાદગાર ઈનીંગ આજે પણ ભુલી શકાય તેમ નથી. તેઓએ ટેસ્ટ મેચમાં ડેબ્યુ પ્લેયર તરીકે સદી ફટકારનાર તેઓ બીજા ભારતીય ક્રિકેટર હતા. તેઓ ગુજરાત ક્રિકેટ એસોસીએશન સાથે વર્ષોથી સંકળાયેલા રહ્યા હતા અને સીલેક્ટર તરીક પણ ખુબ સારી સેવાઓ આપી હતી. તેમના અવસાનથી ગુજરાત ક્રિકેટ ક્ષેત્રમાં ખુબ જ મોટી ખોટ પડી છે. આવા ગુજરાતના મહાન ક્રિકેટરને રાજ્ય આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.